# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તાઃ ૪/૫/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડાં)

---

## રાજકોટ ખાતે મે મહિનામાં યોજાનાર ત્રિદિવસીય 'જેમ્સ એન્ડ જવેલરી એકઝીબીશન' માટે ચેમ્બરમાં રોડ શો યોજાયો

સુરત. રાજકોટ ખાતે આગામી તા. ૨૫ થી ૨૭ મે ૨૦૧૯ દરમિયાન 'રાજકોટ જેમ્સ એન્ડ જવેલરી એકઝીબીશન' યોજાનાર છે, જેના પ્રમોશન માટે એકઝીબીશનના આયોજકોની ટીમે આજરોજ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ખાતે રોડ શો યોજયો હતો. જેમાં આયોજકોએ ચેમ્બરના પ્લેટફોર્મ પરથી સુરતના જવેલર્સોને બી ટુ બી એકઝીબીશનમાં એકઝીબીટર્સ તથા વિઝીટર્સ તરીકે ભાગ લેવા અનુરોધ કર્યો હતો.

ચેમ્બરના પ્રેસિડેન્ટ ઇલેકટ શ્રી કેતન દેસાઇએ સર્વેને આવકાર્યા હતા રાજકોટ ખાતે યોજાનારા રાજકોટ જેમ્સ એન્ડ જવેલરી એકઝીબીશનને સફળ બનાવવા માટે સુરતના જવેલર્સોને સહયોગ આપવા અનુરોધ કર્યો હતો.

રાજકોટ જેમ્સ એન્ડ જવેલરી એકઝીબીશનના આયોજક શ્રી પ્રવિણ વૈદ્યએ જણાવ્યુ હતુ કે રાજકોટની જવેલરી વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. મુંબઇ, અમદાવાદ અને ચેન્નાઇના એકઝીબીશનોમાં રાજકોટની જવેલરી પ્રદર્શિત થાય છે. આથી રાજકોટ ખાતે જ વેલ્યુ એડીશન કરીને એકઝીબીશન કરવાનો પ્રથમ વિચાર આવ્યો હતો. ગત વર્ષે એકઝીબીશનને સફળતા મળી હતી. આથી બીજી વખત તા. ૨૫થી ૨૭ મે ૨૦૧૯ દરમિયાન રાજકોટના રેસ કોર્સ ગ્રાઉન્ડ ખાતે રાજકોટ જેમ્સ એન્ડ જવેલરી શોનું આયોજન કરવામાં આવ્યુ છે.

રાજકોટ જેમ્સ એન્ડ જવેલરી એકઝીબીશનના બીજા આયોજક શ્રી સંજય ઢાકને એકઝીબીશન વિશે પ્રેઝન્ટેશન રજૂ કર્યુ હતુ અને જણાવ્યુ હતુ કે આ બી ટુ બી એકઝીબીશન રહેશે. આથી તેમણે સુરતના જવેલર્સોને એકઝીબીટર્સ તથા વિઝીટર્સ તરીકે ભાગ લેવા અનુરોધ કર્યો હતો.

ચેમ્બરની સ્પાર્કલ ઇન્ટરનેશનલ કમિટીના કો – ચેરમેન શ્રી જયંતિ સાવલીયાએ પ્રાસંગિક વિધી કરી હતી. અંતે ચેમ્બરના વાઇસ પ્રેસિડેન્ટ ઇલેકટ શ્રી દિનેશ નાવડિયાએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ કાર્યક્રમનું સમાપન થયુ હતુ.